


ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર ઉત્તર વિધાનસભા આયોજિત સ્નેહમિલન સંમેલનમાં શહેર જિલ્લા ભાજપના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સે-૧૬ માં યોજાયેલા સ્નેહ મિલન સમારોહ દરમિયાન કેન્દ્રીય સંગઠન મંત્રી તેમજ યુ પી ના કેબિનેટ મંત્રી મહેન્દ્રસિંહજીએ કાર્યકર્તાઆને સંબોધન કર્યુ હતુ. તેમણે પ્રધાનમંત્રીના પ્રયાસોને બિરદાવતા જણાંવ્યુ હતુ કે વિદેશના દેશોમાં પણ ભારતના વિકાસની નોંધ લેવાય છે ત્યારે કોંગ્રેસને વિકાસ દેખાતો નથી સમંલનના અંતે ભવ્ય ડાયરાનો કાર્યક્રમ યોજાયો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું ચેરીટી માટે તારા કપડા ગરીબોને આપવા નીકળી છો સારી વાત છે... પણ હું નથી માનતો કે તારા કપડાનાં માપનો કોઈ ગરીબ ગાંધીનગરમાં મળે...

# ગુડા વિસ્તારમાં નવી પોષ્ટ કચેરી શરૂ કરવા શહેર વસાહત મહામંડળની માંગ

### ગુડા વિસ્તારમાં અસ્તિત્વમાં આવતા રહેણાંકને ધ્યાને લઇ આમ નાગરિકોની જરૂરિયાત માટે પોષ્ટ કચેરી હોવી અનિવાર્ય

ગાંધીનગર તા ૩૦

નવા સેકટરો તેમજ ગુડા વિસ્તારમાં પોષ્ટ કચેરીના અભાવે નાગરિકોએ હાલાકી વેઠવી પડે છે. અગાઉ પણ આ મામલે પોષ્ટ કચેરી શરૂ કરવા માટે પ્રબળ માંગ કરવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામોની સાથે માળખાગત સુવિધા ઉભી કરવા માટે કાર્યયોજના અમલી બનાવાઈ છે. ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રહેણાંકની નતનવી સોસાયટીઓ પણ અસ્તિત્વમાં આવી છે. ત્યારે પોષ્ટ કચેરીના અભાવ વચ્ચે નાગરિકોએ પરેશાની વેઠવી પડે છે.

ગાંધીનગરમાં નવા સેકટરો સહીત ગુડાના વિસ્તારમાં પોષ્ટ કચેરીના અભાવે સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. ગુડા વિસ્તારમાં એક દાયકામાં વિકાસના અનેકવિધ કામોની સાથે માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરાયા છે. જયારે હાલ વિકસતા આ વિસ્તારમાં રહેણાંકની નવી સોસાયટીઓ પણ અસ્તિત્વમાં આવી છે. ગુડા વિસ્તારમાં ધમધમાટ વધતો જાય છે ત્યારે ખુટતી માળખાગત સુવિધાઓ પણ પુરતી કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામે છે. ગુડા વિસ્તારમા પોષ્ટ કચેરી ખોલવા માટે પણ માંગણી કરવામાં આવી છે. ગુડા વિસ્તારમાં નવા રસ્તાઓ લાઈટ તેમજ હવે નર્મદાનુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી દેવાઈ છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં વિકાસના તેમજ માળખાગત કામોને વેગ મળી રહયો છે. ત્યારે ખુટતી સુવિધાઓની પણ પુરતી કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ પોષ્ટ કચેરી શરૂ કરવાની બાબત સ્થાનિક સત્તાધિકારીઓના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતો મુદ્દો નથી. જેના લીધે મહાનગરપાલિકા , ગુડા તેમજ સરકારે સંકલિત થઈ કેન્દ્ર સરકારમાં રજુઆત કરવા પણ મહામંડળે સુચન કર્યુ છે. સ્થાનિકોની જરૂરિયાત તેમજ માંગને ધ્યાને લઈ નવી પોષ્ટ કચેરી સમયસર કાર્યરત થાય તેવુ આયોજન કરવા તેમણે જણાંવ્યુ છે.

# શહેરના શાકમાર્કેટમાં ટામેટા ડુંગળીના ભાવમાં તોતિંગ વધારો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં મોટાભાગના શાકના ભાવ ગગડ્યા છે, પરંતુ લાલ લાલ ટામેટા અને ગરીબોની કસ્તુરીનો ભાવ પણ નીચે આવવાનું નામ લેતા નથી.ત્યારે ડુંગળીની સાથે ટામેટાનો ભાવ વધારો થતા હોટલ, રેસ્ટોરન્ટમાં પણ અસર જોવા મળી રહી છે.સલાડની ડીશમાંથી ડુંગળી અને ટામેટા ગાયબ થઈ ગયા છે અને તેનું સ્થાન કોબીજે લઈ લીધુ છે. જયારે શાકમાર્કેટમાં કારેલા, દુધી, ગલકા,ટીંડોડા, કોબીજ, ફલાવર, બટાકા, સુરણ, મરચા, આદુ, સહિતની વસ્તુ રૂ.૫૦ ની અંદર સરળતાથી મળી રહે છે. ત્યારે થોડા માસ અગાઉ પણ ટામેટાના ભાવ અચાનક ઉંચકાયા હતા. ત્યારબાદ ટામેટાની આવક વધતા ભાવ નીચે ગગડી ગયો હતો. પરંતુ અઠવાડીયામાં અચાનક બજારમાં ટામેટાની તંગી વર્તાતા ટામેટાના ભાવમાં ઉછાળો આવ્યો છે. જયારે ડુંગળી રૂ.૬૦ કિલોએ પહોંચી છે. જયારે શાકબજારમાં શાક ખરીદી કરતા જતી ગૃહિણીઓના મોં ટામેટા અને ડુંગળીનો ભાવ સાંભળીને જ બગડી જાય છે. અત્યારે માર્કેટમાં ડુંગળી અને ટામેટાની અછત છે તેમજ માર્કેટમાં માલ ન હોવાથી તેની અછત વર્તાય છે જેને પગલે કૃતિમ ભાવ વધારો જોવા મળે છે. ત્યારે ટુંક સમયમાં ટામેટા અને ડુંગળનો નવો સ્ટોક માર્કેટમાં આવતા ભાવ નીચે આવી શકે છે.



# અક્ષરધામ આગામી બીજી નવેમ્બર સુધી બંધ રહેશે

ગાંધીનગર તા ૨

અક્ષરધામની રજત જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. જેને અનુલક્ષી આગામી તા ૨ નવેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ પુ મહંત સ્વામી પણ ઉપસ્થિત રહેશે. જયારે રજત જયંતિના કાર્યક્રમની ઉજવણીની પુર્વતૈયારીને અનુલક્ષી તા ૩૦ થી ૨ નવેમ્બર સુધી અક્ષરધામ બંધ રહેશે. જયારે ૩ નવેમ્બરથી અક્ષરધામ રાબેતા મુજબ ભાવિકો માટે ખલ્લુ રહેશે. અક્ષરધામ મંદિરના રજત જયંતિ મહોત્સવની ઉજવણીને અનુલક્ષી હાલ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રજત જયંતિ મહોત્સવની ઉજવણીના કાર્યક્રમોનુ આસ્થા ચેનલ પર પ્રસારણ કરવામાં આવશે. વધુમાં તા ૨ નવેમ્બરના રોજ સાંજે ૬ થી ૯ કલાક દરમિયાનના કાર્યક્રમનુ આ બાપ્સ.આઆરજી વેબકાસ્ટ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# જન વિકલ્પની પ્રજાલક્ષી યોજનાઓની અન્ય રાજકીય પક્ષોએ નકલ કરી

ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં યોજાનારી વિધાનસભાની ચુંટણી અન્વયે દરેક પક્ષો પોત-પોતાની રીતે જાહેરાતો અને વચનો આપે છે. જનવિકલ્પ મોરચાના સંયોજક શંકરસિંહ વાઘેલાએ જે પણ જાહેરાત કરી તેમની કોંગ્રેસ અને ભાજપ બંન્ને પક્ષોએ નકલ કરી પોતાના પક્ષના પ્રિમેન્યુફેસ્ટોમાં લીધી હતી.જેમાં ઘરનું ઘર, વીજ બીલમાં રાહત, ૪જી મોબાઈલ ફોન,બેરોજગારી ભથ્થુ સહિતની યોજનાઓની સીધી કોપી જ મારી હતી. ઉપરાંત બીન અનામત વર્ગને ૨૫ ટકા સુધીની અનામત આપવાની બાબતને કોંગ્રેસે સીધે સીધી ૨૦ ટકા અનામત આપવાની વાત કરીને પોતાની નકલ કરવાની માનસિકતા છતી કરી છે તેમ જન વિકલ્પ મોરચાના ઉપપ્રમુખ યજ્ઞેશ દવેએ જણાવ્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે આંગણવાડી, આશાવર્કર, સહિતની બહેનોને જે પગાર મળે છે તે ઓછો છે અને શોષણ થાય છે. તે અંગેની માંગણી ભાજપ સરકારે તાત્કાલીક સ્વીકારી હતી. જયારે શંકરસિંહ બાપુએ પેટ્રોલ - ડીઝલ ના જે કમરતોડ ભાવ વધારાને ઘટાડવાની માંગ કરી હતી તે પણ ભાજપ સરકારે ભાવો તાત્કાલીક અસરથી ઘટાડી માંગણી સ્વીકારી હતી. તમામ પક્ષોએ તેમના વિચારોની અને યોજનાઓની નકલ કરી તે સાચા અર્થમાં લોકનેતા તરીકે સિધ્ધ કરે છે.

# નવ પૈકી છ બાળકો અધૂરા માસે જન્મેલા હોવાનુ તારણ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમા આવેલી રાજય સરકાર હસ્તકની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસમાં ૨૧ નવજાત શિશુઓના નિપજેલા મોતના હોબાળાને લઈ સરકારે બનાવેલી કમિટી દ્વારા મરણ પામનારા નવ પૈકી છ બાળકો અધૂરા માસે જન્મ્યા હોવાનુ પ્રાથમિક અહેવાલમા કહ્યુ છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ શહેરમા ૨૪ કલાકમા નવ જેટલા બાળકોના સિવિલ હોસ્પિટલમા મોત થયાના અહેવાલો બહાર આવતાની સાથે જ રાજય સરકાર તરફથી એક તપાસ કમિટીની રચના કરવામા આવી હતી.

આ કમિટીએ અગાઉ વ્યકત કરવામા આવેલી ધારણા અનુસાર ૨૪ કલાકની અંદર તેનો પ્રાથમિક તપાસ રિપોર્ટ રાજય સરકારને આપી દીધો છે.આ રિપોર્ટમાં હોસ્પિટલ અને તેના તબીબોને કલીનચીટ આપવાની સાથે એમ પણ કહેવામા આવ્યુ છે કે,૨૮ મીના રોજ મરણ પામનારા કુલ નવ બાળકો પૈકી છ બાળકો અધુરા માસે જન્મેલા હોવાનુ તપાસમા બહાર આવ્યુ છે.ઉપરાંત ત્રણ બાળકો અન્ય સિવિલ હોસ્પિટલોમાંથી અને બે ખાનગી હોસ્પિટલમાંથી લાવવામા આવ્યા હતા.ચાર અમદાવાદ સિવિલમાં જન્મેલા હતા.કમિટીએ બધા બાળકોને યોગ્ય નિદાન કરીને તેમને તાત્કાલિક સારવાર તંત્ર તરફથી આપવામા આવી હોવાનુ કહ્યુ છે સાથે જ વેન્ટિલેટરની સુવિધા આપવામા આવી હોવાનો પણ અહેવાલમા ઉલ્લેખ કરવામા આવ્યો છે.કમીટીના સભ્યોએ નવજાત શીશુઓના મરણ ગંભીર બીમારી,ઓછા વજનના કારણે અને અધુરા માસે જન્મ હોવાના કારણે થયા હોવાનો અભિપ્રાય આપ્યો છે.સારવાર અને સાધન સામગ્રીમા કોઈ જ ખામી ન હોવાનુ પણ કહેવાયુ છે.

# આદરજ મોટીના પરાઓમાં ભેંસને તાજુ જન્મેલું નાનુ પાડુ ફાડી ખાતા રખડતા કૂતરા

### છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ બનાવો : વન વિભાગ સમક્ષ રજુઆતો પછી પણ કાર્યવાહી ના થતાં ગ્રામ્ય વિસ્તારમાં રખડતા કૂતરાઓ મુદ્દે પ્રવર્તતો તીવ્ર રોષ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં રખડતા કૂતરાઓની સમસ્યાએ ગંભીર વળાંક લીધો છે. ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામે તો આ રખડતા કૂતરાઓ ભેંસને તાજા જન્મેલા નાનુ પાડુ એક નહિ પણ ૩ થી પાંચ જેટલા મારી નાખીને ફાડીને ખાઈ ગયાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

જિલ્લામાં રખડતા કૂતરાઓની સમસ્યા આટલી હદે વકરતાં ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી પશુપાલકોમાં અને પ્રજાજનોમાં પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના વન વિભાગને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. ગ્રામીણ વિસ્તારમાં અન્ય વિસ્તારમાંથી કૂતરાઓ છોડી જવામાં આવતા હોવાની વાતો હવે લોકજીભે ચડી છે. આદરજ મોટી ગામના પરા વિસ્તાર ઓધવજીનુ પરૂ તેમજ કલ્યાણજીના પરામાં દિવાળીથી આજ સુધીમાં પાંચ જેટલા ભેંસના નાના બચ્ચાઓનો શિકાર કૂતરાઓ દ્વારા કરવામાં આવ્યો છે.

એક ગરીબ પશુપાલકના ભેંસના બચ્ચાને તો તેનુ માથુ અલગ અને અન્ય ભાગ એટલી વિકૃત રીતે શિકાર કર્યુ હતુ કે મજબુત હૃદયના માનવીને પણ ધ્રુજારી છુટી જાય.

મળતી વિગતો પ્રમાણે ઓધવજીના પરામાં રહેતા નરેશજી ઠાકોર, જેસંગજી ઠાકોર અને કલ્યાણજીના પરામાં રહેતા બબુબેન ઠાકોરની ભેંસના બચ્ચાંઓ આ રખડતા કૂતરાઓનો શિકાર બન્યા હતા.

નરેશજી ઠાકોરના ત્યાં તો બચ્ચાંને બચાવી લેવા માટે તેના પર શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી પરંતુ ત્રણદિવસને અંતે તે મૃત્યુ પામ્યું હતું. આ બનાવોને લઈ ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે. તાજેતરમાં જિલ્લાના વડોદરા ગામમાં પણ રખડતા કૂતરાઓથી ત્રાહિમામ થયેલા ગ્રામજનોના દર્દની વાતો અખબારોમાં ચમકી હતી. તંત્ર દ્વારા આ માટે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં ના આવતાં ગ્રામીણ વિસ્તારમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

# આચારસંહિતા ભંગની ફરિયાદ મળી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતા ભંગની એક ફરિયાદ અત્યાર સુધીમાં નોંધાઈ છે. મળતી વિગતો પ્રમાણે ઔડા દ્વારા આવાસ યોજનાના ફોર્મ વિતરણની ચાલી રહેલી કામગીરી અંગેની ફરિયાદ તંત્રને મળી હતી.

આચારસંહિતા અમલી હોવાથી વ્યક્તીગત લાભની કોઈ બાબતને લઈ ફોર્મ વિતરણ કે અન્ય કાર્યવાહી થઈ શકતી ન હોવાનો મુદ્દો જણાવી તાબડતોબ આ ફોર્મ વિતરણની કામગીરી પર રોક લગાવી દેવામાં આવી હતી. કલોલ અને દહેગામમાં આવા ફોર્મનું વિતરણ થતુ હોવાની ફરિયાદ મળતાં જ તાબડતોબ આચારસંહિતાને લઈ આ કામગીરી બંધ કરાવવામાં આવી હતી.

જિલ્લામાં આચારસંહિતાનો અસરકારક અમલ થાય તે માટે તંત્રએ અત્યાર સુધીમાં ૨૫૦૦ થી વધુ બોર્ડ હોર્ડિંગ્સ અને બેનર પણ ઉતરાવી લીધા છે એટલુ જ નહિ ભીંત પર લગાવેલા પોસ્ટર અને સૂત્રો પર પણ કૂચડો મારી દઈ તેને દૂર કરવામાં આવ્યા છે.

આદર્શ આચાર સંહિતાના અમલ માટે જિલ્લામાં તંત્રની ટીમોએ કામગીરી પણ અસરકારક રીતે હાથ ધરી દીધી છે.

દરમ્યાન આગામી દિવસોમાં પ્રચાર-પ્રસાર માટેના બોર્ડ-હોર્ડિંગ્સ અને બેનર લગાવવાના હશે તો તે માટે પૂર્વ મંજૂરી લેવાની રહેશે તે અંગેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

# એસ.ટી. ડેપોમાં ૨૬ ડ્રાઈવર-કંડકટરની ભરતી થતા બસોનુ સંચાલન સરળ બનશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર એસ ટી ડેપોમાં લાંબા સમયથી ડ્રાઈવર કંડકટરની ઘટ હતી. એસ ટી નિગમ દ્વારા થોડા સમય અગાઉ હાથ ધરાયેલી ભરતી પ્રક્રીયાના અંતે ડેપોમાં ૨૬ ડ્રાઈવર કંડકટરની ભરતી કરી દેવાઈ છે. જેના લીધે હવે ડેપોમાંથી બસોનુ સંચાલન વધુ સરળ બનશે. મુસાફરોને નિયમિત અને સમયસર બસ સેવા ઉપલબ્ધ થશે.

એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પણ મુસાફરલક્ષી સેવાઓનો અભાવ વર્તાય છે. દાયકાઓના અંતે પણ એસ ટી ડેપોમાં પોલીસ પહોરો ગોઠવી શકાયો નથી. પોલીસ ચોકી કાર્યરત ન થતા મુસાફરો તસ્કરીનો ભોગ બની રહયા છે. એસ ટી ડેપો કક્ષાએથી પોલીસ ચોકી માટે જગ્યાની ફાળવણી માટે તૈયારી દર્શાવી દેવાયા બાદ પણ પોલીસ તંત્રની નિષ્ક્રીયતાના લીધે મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. જયારે એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાના લીધે પણ મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. પુરતા સ્ટાફના અભાવે બસોના સંચાલનનુ કામ મુશ્કેલ બન્યુ હતુ. ગાંધીનગર ડેપોમાં નિવૃતિના દૌર બાદ ઘણાં સમયથી ડ્રાઈવર કંડકટરની જગ્યાઓ ખાલી હતી. જયારે રાજયમાં ડ્રાઈવર કંડકટરની ભરતી સંદર્ભે હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે ગાંધીનગર ડેપોને ૨૬ ડ્રાઈવર તેમજ કંડકટરો ફળવાયા છે. જેના લીધે ડેપો કક્ષાએથી હવે બસોના સંચાલનની કામગીરી સરળ બનશે. ગાંધીનગર અમદાવાદના રૂટમાં લાંબા સમયથી એસ ટી બસ સેવા અનિયમિત થતા રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. જેના પાછળ ડ્રાઈવર કંડકટરોની ઘટ પણ જવાબદાર છે. એસ ટી ની સલામત સવારી સમયસર ન મળતા અપડાઉન કર્તાઓએ કલાકો સુધી બસ સ્ટેન્ડ પર વલખા મારવા પડે છે. જયારે ડ્રાઈવર કંડકટરની ભરતીના અંતે હવે બસ સેવા નિયમિત અને અસરકારક બનશે તેમ પણ મનાઈ રહયુ છે.

# સતકર્મ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સતકર્મ ટ્રસ્ટ સેકટર-૨૨ અને નૈસર્ગિક સ્વાસ્થય મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક યોગ શિબિર તા.૧-૧૧-૧૭ થી તા.૭-૧૧-૧૭ દરમિયાન સેકટર-૨૨ રંગમંચ નજીક પંચદેવ મંદિર પાસે સવારે ૫.૩૦ થી ૬.૩૦ કલાકે યોજાશે. આ શિબિરમાં સૌ સભ્યો અને સર્વે નગરજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે. દરેક નાગરીકે પાથરણા સાથે સમયસર હાજર રહેવું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ